પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧ | ૨૩ માર્ચ, ૨૦૧૯, શનિવાર; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજથી આઈપીએલનો રોમાંચક પ્રારંભ

દેશભરમાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ ફેલાયો : ચેન્નાઇ સુપર ટીમ તેનો તાજ જાળવી રાખવાના ઇરાદા સાથે મેદાનમાં ઉતરશે વિદેશી, સ્થાનિક ક્રિકેટર છવાઇ જવા તૈયાર : છગ્ગા-ચોગ્ગાનો વરસાદ થશે : ૬૦ મેચો હશે

ચેન્નાઇ,તા. ૨૨

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે હાઇ પ્રોફાઇલ ઇન્ડિયન પ્રિમિયર લીગ-૧૨ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઇલ ઇન્ડિયન પ્રિમિયર લીગ-૧૨નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે.આઈપીએલની મેચો આવતીકાલે ૨૩મી માર્ચના દિવસે શરૂ થયા બાદ ૧૨મી મે સુધી ચાલનાર છે. ફાઈનલ મેચ ૧૨મી મેના દિવસે ચેન્નાઈમાં રમાશે. ક્રિકેટ ચાહકોમાં હવે જોરદાર ક્રેઝ રહેનાર છે. આઈપીએલની શરૂઆત મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેની મેચ સાથે થનાર છે. ટુર્નામેન્ટના ફોર્મેટની વાત કરવામાં આવે તો આ સ્પર્ધા ડબલ રાઉન્ડ રોબિન અને નોટ આઉટના આધાર પર રમાનાર છે. આઠ ટીમો વચ્ચે હવે જંગ ખેલાશે. ચેન્નાઇ સુપરે ગયા વર્ષે વાપસી કરીને જોરદાર દેખાવ કર્યો હતો અને ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. વર્ષ ૨૦૧૩ના આઈપીએલ બેટિંગ કેસના મામલે તેમના સંબંધિત માલિકો સામેલ રહ્યા બાદ આ બન્ને ટીમો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. બે વર્ષના પ્રતિબંધ બાદ ગયા વર્ષે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સની વાપસી થઈ હતી. ડીઆરએસની વ્યવસ્થા પણ આમાં રાખવામાં આવી છે.ખાસ કરીને ઉભરતા સ્ટાર

ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આગામી સપ્તાહો સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે.આઈપીએલ-૧૨માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત આવતીકાલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૧૨માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે.

અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના કોઈ ખેલાડીએ ભવ્ય દેખાવ કર્યો છે. આ તમામ ખેલાડીઓને પસંદગીકારોનુ ધ્યાન દોરવાની તક રહેલી છે. ગુજરાતના જે ખેલાડી રમાનાર છે જેમાં પાર્થિવ પટેલ સિવાય જયદેવ ઉનડકટ, અક્ષર પટેલનો સમાવેશ થાય છે.તમામ ૧૦ સ્ટેડિયમ ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. લીગ તબક્કામાં કુલ ૫૬ મેચો રમાનાર છે. લીગ મેચો આવતીકાલે શરૂ થયા બાદ પાંચમી મે સુધી ચાલનાર છે.ત્યારબાદ ટોપની ચાર ટીમો પ્લે ઓફમાં રમનાર છે.

મેહુલ ચોકસીએ ભારત નહિ આવવા માટે મેડિકલ રિપોર્ટ જાહેર કર્યો

ન્યુ દિલ્હી,તા. ૨૨

પીએનબી સ્કેમના આરોપી મેહુલ ચોકસીએ ભારત પાછા ના આવવાના કેટલાંય બ્હાના બનાવી રહ્યાં છે. કોર્ટને આપવામાં આવેલ એક મેડિકલ રિપોર્ટમાં તેમણે કહ્યું છે કે તેમના મગજમાં લોહી જાડું થઈ જાય છે, તેમને હાઈપર ટેન્શન છે, આ સિવાય તેને પગમાં પણ દુઃખાવો છે, સાથો સાથ ડાયાબિટીસનો દર્દી છું. મેહુલ ચોકસીએ મુંબઈની પીએમએલ કોર્ટમાં અરજી આપીને કહ્યું છે કે તેઓ પોતાની ખરાબ તબિયતના લીધે મુસાફરી કરવામાં અસમર્થ છે, આ દ્રષ્ટિથી તેમને કોર્ટમાં હાજર થવામાંથી છૂટ આપવામાં આવે. મેહુલ ચોકસીએ કોર્ટની સામે પોતાની લાંબી બીમારીનું કારણ આગળ મૂકયું છે.

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં સાત કુખ્યાત ત્રાસવાદી ઠાર

હથિયારોનો જથ્થો જપ્ત : જુદા જુદા વિસ્તારમાં ભીષણ અથડામણથી તંગદિલી ફેલાઈ : માર્યા ગયેલા આતંકવાદીઓમાં લશ્કરે તોઇબા અને જૈશના ત્રાસવાદી સામેલ સ્કુલ-કોલેજો બંધ રખાઈ : સાવચેતીરૂપે ઇન્ટરનેટ સેવાઓ પર પણ પ્રતિબંધ

બાંદીપોરા,તા. ૨૨

જમ્મુ કાશ્મીરના સોપિયન અને બાંદીપોરા જિલ્લામાં સુરક્ષા દળોની સાથે જુદી જુદી અથડામણોમાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આની સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં સાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. બીજી બાજુ કેટલાક વિસ્તારમાં આતંકવાદીઓ હજુ પણ છુપાયેલા હોવાના અહેવાલ મળ્યા છે. પોલીસે કહ્યું છે કે, શોપિયનમાં માર્યા ગયેલા બે આતંકવાદીઓ પૈકી એક લશ્કરે તોઈબાનો કમાન્ડર હતો. શોપિયન જિલ્લાના ઈમામ સાહિબ વિસ્તારમાં આ અથડામણ થઈ હતી જેમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ ઉપરાંત સોપોરેના વારપુરા વિસ્તારમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.

ગુરુવારના દિવસે અથડામણન શરૂઆત થઈ હતી. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, આતંકવાદીઓ હજુ પણ જમ્મુ કાશ્મીરમાં જુદા જુદા વિસ્તારમાં સક્રિય થયેલા છે. બીજી બાજુ ઉત્તર કાશ્મીરમાં બારામુલ્લા જિલ્લામાં પણ અથડામમ થઈ

● અનુસંધાન પાન-૭ પર

મહાગઠબંધનનું બિહારમાં ગોઠવાયું

પટણા, તા. ૨૨

લોકસભા ચૂંટણીના મુદ્દા ઉપર બિહારમાં મહાગઠબંધને સીટોની વહેંચણીની જાહેરાત કરી દીધી છે. આની સાથે જ બિહારમાં મહાગઠબંધનને લઈને સંકટના વાદળો વિખેરાઈ ગયા છે. સમજૂતિ મુજબ મહાગઠબંધનમાં આરજેડીને ૨૦ સીટો અને કોંગ્રેસને ૯ સીટો આપવામાં આવી છે. સીપીઆઈએમએલને આરજેડીએ પોતાના ખાતામાંથી એક સીટ આપી છે. રાષ્ટ્રીય જનતા દળના પ્રવક્તા મનોજ ઝાએ કહ્યું છે કે, બેઠક બાદ તમામ મુદ્દે નિર્ણય લેવામાં આવ્યા છે. બેઠકમાં તેજસ્વી યાદવ, શરદ યાદવ, જીતનરામ માંઝી સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાગઠબંધનમાં નવાદા સીટ આરજેડીના ખાતામાં ગઈ છે.

જાણીતા ક્રિકેટર ગૌત્તમ ગંભીર ભાજપમાં જોડાયા

લોકસભાની ચૂંટણી દિલ્હીથી લડી શકે છે : ગૌત્તમ ગંભીરને મિનાક્ષી લેખીની જગ્યાએ ટિકિટ મળશે

નવીદિલ્હી, તા. ૨૨

પૂર્વ ક્રિકેટર ગૌત્તમ ગંભીર આજે લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં સામેલ થઈ ગયા હતા. નાણામંત્રી અરુણ જેટલી અને રવિશંકર પ્રસાદની ઉપસ્થિતિમાં ગૌત્તમ ગંભીર વિધિવતરીતે ભાજપમાં જોડાતા હવે નવી દિલ્હી સીટ ઉપરથી ચૂંટણી મેદાનમાં ઉતરશે.

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

પાક. દિવસની ઉજવણીમાં ભારત સામેલ નહીં

૨૩મી માર્ચે ઉજવાનારા પાકિસ્તાન દિવસની ઉજવણીમાં ભારત કોઈપણ પ્રકારે સામેલ નહીં થાય. જમ્મુ - કાશ્મીરના અલગાવવાદી નેતાઓને આ કાર્યક્રમમાં સામેલ થવા આમંત્રણ અપાયુ હોવાથી ભારત પાક. દિવસની ઉજવણીમાં સામેલ નહીં થાય.

અજીત જોગી ચૂંટણી નહી લડે

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને છત્તીસગઢ જનતા કોંગ્રેસના પ્રમુખ અજીત જોગી આ વખતે ચૂંટણી નહીં લડે. જોગી આ વખતે પોતાની પાર્ટીને ચૂંટણીથી દૂર રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોગીએ ૨૦૦૫માં કોંગ્રેસ છોડી દીધી હતી અને પોતાની પાર્ટી બનાવી લીધી હતી.

શિવસેનાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

શિવસેનાએ મહારાષ્ટ્રની ૨૧ સીટો પર પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. રાજ્યમાં ભાજપ અને શિવસેના ગઠબંધન છે. ભાજપ ૨૫ સીટો પર અને શિવસેના ૨૩ સીટો પર ચૂંટણી લડશે.

એનસીપી નેતા ભારતીય પવાર ભાજપમાં જોડાયા

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે તારીખોની જાહેરાત બાદ નેતાઓ પાર્ટીઓ બદલીને પોતાની મહત્વાકાંક્ષા સાબિત કરી રહ્યાં છે. આ જ ઘટનાક્રમમાં મહારાષ્ટ્રમાં સત્તાધારી પાર્ટી ભારતીય જનતા પાર્ટીમાં બે નેતાઓ જોડાયા છે. જેમાં પહેલા રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા ભારતીય પવાર અને કોંગ્રેસ નેતા પ્રવીણ છેડા શુક્રવારે સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા છે.

પાકિસ્તાનને ચીને આપી ૨ અરબ ડોલરની લોન

આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાની મદદે ચીન આવ્યુ છે. પાકિસ્તાનને ચીને ૨ અરબ ડોલરની લોન આપી છે. ભારતીય ચલણમાં આ રકમ લગભગ ૧૪,૫૦૦ કરોડ રૂપિયા થાય છે.

સામ પિત્રોડાએ એર સ્ટ્રાઈકના પુરાવા માગતા વિવાદ વકર્યો

સામ પિત્રોડા અને રામગોપાલ પર જવાનોના અપમાનનો મોદીનો આક્ષેપ : કોંગ્રેસ પાર્ટીના લીડરો પાકિસ્તાન નેશનલ ડે મનાવવાની શરૂઆત કરી ચુક્યા છે : પિત્રોડાના નિવેદનથી પોતાને અલગ કરી લેવાના કોંગીના નિષ્ફળ પ્રયાસો

નવીદિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિત ભાજપે



પાકિસ્તાનના બાલાકોટમાં હવાઈ દળ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને લઈને પ્રશ્નો ઉઠાવવા બદલ વિપક્ષની આજે ઝાટકણી કાઢી હતી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નજીકના સાથી અને ઓવર્સીસ કોંગ્રેસના ચેરમેન શામ પિત્રોડા દ્વારા એરસ્ટ્રાઈકમાં માર્યા ગયેલા આતંકવાદીઓને લઈને માહિતી માંગી હતી. આની સાથે જ ગુરુવારના દિવસે સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે પુલવામા હુમલાને રાજકીય કાવતરા તરીકે ગણાવીને તેની ટિકા કરી હતી. મોદીએ આજે એક પછી એક ચાર ટ્વિટ કરીને શામ પિત્રોડા અને યાદવના નિવેદનને જવાનોના અપમાન તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. શામ પિત્રોડાના નિવેદનથી કોંગ્રેસને ઝાટકી કાઢતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી પાકિસ્તાન નેશનલ ડે મનાવવાની શરૂઆત કરી ચુકી છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી શામ પિત્રોડાના નિવેદનથી બચવાના પ્રયાસ કરી રહી છે. મોદી ઉપરાંત ભાજપ પ્રમુખ અમિત શાહ અને નાણામંત્રી અરુણ જેટલીએ પણ પિત્રોડાની ઝાટકણી કાઢી છે. અમિત શાહનું કહેવું છે કે, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અંતરને સ્પષ્ટપણે જોઈ શકાય છે. કોંગ્રેસ પાર્ટી સેના ઉપર શંકા રાખે છે જ્યારે અમે ગર્વનો અનુભવ કરીએ છીએ. તેમના સંબંધ આતંકવાદીઓ સાથે હોય તેવા વલણ અપનાવી રહ્યા છે. આ ચૂંટણીમાં વોટની તાકાત મારફતે કોંગ્રેસની સંસ્કૃતિ ઉપર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની જરૂર છે. ગૌત્તમ ગંભીરને પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા બાદ જેટલીએ આકરા પ્રહાર કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના ૧૮૪ ઉમેદવારોની પ્રથમ યાદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાસણીથી, રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ગાંધીનગરથી, નિતીન ગડકરી નાગપુરથી, સ્મૃતિ ઈરાની અમેઠીથી અને રાજનાથ સિંહ લખનૌથી ચૂંટણી લડશે, પ્રથમ યાદીમાં યૂપીના ૨૮, મહારાષ્ટ્ર-૧૬, આસામ આઠ, આંધ્રપ્રદેશના બે, છત્તીસગઢ-કાશ્મીરના પાંચ-પાંચ ઉમેદવારોનો સમાવેશ

ન્યુ દિલ્હી,તા.૨૨

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે ભારતીય જનતા પાર્ટીએ

આજે ૧૮૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીથી ચૂંટણી લડશે. જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને સાંસદ લાલકૃષ્ણ અડવાણીની સીટ ગાંધીનગરથી ભાજપ અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી લડશે. આ સિવાય લખનઉથી રાજનાથ સિંહ, નાગપુરથી નિતિન ગડકરી અને અમેઠીથી સ્મૃતિ ઈરાનીને ઉમેદવાર જાહેર કર્યા છે. કેન્દ્રીય મંત્રી જય પ્રકાશ નડ્ડાએ પ્રેસ કોન્ફ્રેન્સમાં આ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

આ યાદીમાં ઉત્તર પ્રદેશના ૨૮, મહારાષ્ટ્ર ૧૬, આસામ આઠ, અરુણાચલ પ્રદેશના બે, છત્તીસગઢ અને જમ્મુ-કાશ્મીરથી પાંચ-પાંચ, દાદરા નગર હવેલીથી એક, કર્ણાટકથી ૨૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડશે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225